જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૯/૬/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૧૭૮/૧૫

**શટલ રિક્ષામાં પેસેન્જરની સાથે બેસી કિંમતી દર-દાગીનાની ચોરી કરતી દંતાણી ગેંગના કપલની ધરપકડ કરતી અમદાવદ ક્રાઇમ બ્રાન્ચ**

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપેન ભદ્રન નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચ ના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી એમ.ડી. ચૌધરી નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ એમ.ઓ.બી. સ્કોડઁ ના પો.સબ.ઇન્સ્પે. શ્રી કે.જી. ચૌધરી તથા માણસો ગઇ તા-૦૮/૦૬/૨૦૧૫ ના રોજ મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર માં માણેકચોક ના સોની બજાર શટલ રિક્ષામાં પેસેન્જરો ની સાથે બેસી તેઓની નજર ચુકવી કિંમતી દર-દાગીનાની ચોરી કરતી ગેંગના દંતાણી પતિ પત્ની દિનેશ @ ડિન્કો સ/ઓ પોપટભાઇ દંતાણી ઉ.વ.૨૨ રહે-નીલગીરીના છાપરામાં, દશામાનું મંદીર ચંડોળા તળાવની પાસે, દાણીલીમડા, અમદાવાદ તથા કાજલ વા/ઓ દિનેશ @ ડિન્કો સ/ઓ પોપટભાઇ દંતાણી ઉ.વ.૨૦ રહે- નીલગીરીના છાપરા માં, દશામાનું મંદીર ચંડોળા તળાવની પાસે, દાણીલીમડા, અમદાવાદ નાઓ મળી આવેલ તેઓ પાસેથી એક સોના નો દોરો પેન્ડલ સાથેનો દોરો કિં. રૂ.૨૯,૦૦૦/- તથા કાન ની બુટ્ટી નંગ-૨ કિ.રૂ. ૭,૫૦૦/- મતા સાથે મળી આવેલ જે ગુનામાં સદરી આરોપીને નરોડા પોલીસ વધુ તપાસ સારૂ સોપેલ છે.

**વટવા પો.સ્ટે**

વટવા પો.સ્ટે. ફર્સ્ટ.ગુ.ર.નં.૧૫૩/૨૦૧૫ ધી ઈ.પી.કો.કલમ ૩૭૬ તથા પોકસો કલમ ૩,૪ મુજબના કામનો આરોપી (૧).સફીઅહેમદ ઉર્ફે રાજા હાતીમભાઈ શેખ ઉ.વ.૨૨ રહે. મ.નં ૬ ઉર્વાપાર્ક ફતેહવાડી ગ્યાસપુર ભાઠા તા.સીટી જી.અમદાવાદ નાનો આ કામના ફરીયાદી ભોગબનનાર ઉ.વ.૧૮ ની યુવતીને સને ૨૦૧૩ મા તેમજ તે પછી પણ વટવા બાગે કૌશરની બાજુમા સાજનનનગર ખાતે લાવી એકલતાનો લાભ લઈ યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી મોબાઈલમા ફોટા પાડી ગુનો કરતા અસલાલી પો.સ્ટે.થી ૦ નંબરથી ફરીયાદ લખાઈ આવતા સેકન્ડ પો.ઈન્સપેકટર પી.બી.રણા નાઓએ તપાસ કરતા આરોપીને ઉપરોક્ત ગુન્હામાં તા.૮/૦૬/૧૫ સાંજના ૫/૧૫ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. હાલમાં તપાસ ચાલુ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)